ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ સહાયના દરોમાં વધારો કરવાની નવી બાબતની વહીવટી મંજૂરી બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: વનપ/૧૦૨૦૧૬/૭૦૦૭૪૦/નબા.૧૦/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૧/૦૪/૨૦૧૭

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૦૦૮નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૬/૧૯૮૩ /છ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૯/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: વનપ/ ૧૦૨૦૧૧/નબા.૧૦/૭૭૫૩૬૩/છ.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:સસુખા/યજન/ન.બા./૨૦૧૬-૧૭/૪૧૦, તા.૨૧/૧૧/૨૦૧૬ તથા ક્રમાંક:સસુખા/યજન/૨૦૧૬-૧૭/૫૩, તા.૦૬/03/૨૦૧૭.

**પ્રસ્તાવના:**

ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનામાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના ગરીબી રેખા હેઠળના (BPL) લાભાર્થીઓને સહાયના દરોમાં વખતોવખત વધારો કરવામાં આવેલ છે. ઉપર વંચાણે લીધેલ તા.૦૯/૦૫/૨૦૧૨ના ઠરાવથી ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીયવૃધ્ધ પેન્શન યોજના હેઠળ ૮૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લાભાર્થીઓને સહાયનો દર માસિક રૂ.૭૦૦/-(કેન્દ્ર સરકારના રૂ.૫૦૦/- તથા રાજ્ય સરકારના રૂ.૨૦૦/-) તથા ૬૦ વર્ષથી ૭૯ વર્ષની વયના વૃધ્ધો માટે માસિક સહાય રૂ.૪૦૦/- (કેન્દ્ર સરકારના રૂ.૨૦૦/- તથા રાજ્ય સરકારના રૂ.૨૦૦/-) સહાય આપવામાં આવે છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક:(3) અન્વયેના પત્રથી આ યોજનામાં પેન્શન સહાયના દરોમાં વધારો કરવા અંગે વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં રૂ.૬૩૯૦/- લાખની જોગવાઈ કરવા નવી બાબત રજૂ કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનામાં પ્રસ્તુત નવી બાબતને નીચેની વિગતો / શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ ૮૦ વર્ષ કે તેથી વધુ ઉંમરનાં લાભાર્થીઓને સહાયનો દર માસિક રૂ.૭૦૦/- થી વધારીને રૂ.૧,૦૦૦/- (રૂપિયા એક હજાર પૂરા) કરવામાં આવે છે.

(૨) ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળના ૬૦ વર્ષથી ૭૯ વર્ષની વયના વૃધ્ધો માટે માસિક સહાય રૂ.૪૦૦/-થી વધારીને રૂ.૫૦૦/- (રૂપિયા પાંચસો પૂરા) કરવામાં આવે છે.

(3) આ અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૭ થી કરવાનો રહેશે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ અંગેનો ખર્ચ અનુક્રમે માંગણી નં.૯૨, ૨૨૩૫-૦૨-૨૦૦-૦૨ બજેટ હેડ હેઠળ રૂ.૪૦૮૦/- લાખ, માંગણી નં.૯૫, મુખ્ય સદર ૨૨૩૫-૦૨-૨૦૦-૦૧ બજેટ હેડ હેઠળ રૂ.૭૯૨/- લાખ તથા માગણી નં.૯૬(TASP), મુખ્ય સદર ૨૨૩૫-૦૨-૭૯૬-૧૦ બજેટ હેડ રૂ.૧૫૧૮/- લાખ હેઠળ કરાયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.30/03/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર ચૌહાણ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓ તથા સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડૉ..જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-4-

- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના સર્વે બોર્ડ / કોર્પોરેશનો.
- વિકાસ કમિશનરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ. (મારફતે :- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. ( " " " )
- સર્વે પ્રાન્ત અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા).
- સર્વે મામલતદારશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા).
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ,ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યાય અધિ.વિભાગ (વિભાગની વેબ-સાઇટ પર મૂકવાની વિનંતી સહ)
- સિલેકટ ફાઈલ / નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.